Criminal Case No.966/2009
**Judgment**

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૫/૨૦૦૯ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૭/૦૫/૨૦૦૯ |
| ફેંસલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ |

| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

**સાણંદના મહે. પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, તા.સાણંદ, જી.અમદાવાદ.**

**કેસ નં.૯૬૬/૨૦૦૯**
**આંકઃ–**

**(F.I.R. ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**સાણંદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૩૩/૨૦૦૯.**

**ગુનોઃ– ઇ.પી.કો. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબ.**

**પોલીસ સ્ટેશનઃ સાણંદ, તા.સાણંદ, જી.અમદાવાદ (ગ્રામ્ય)**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર.** |
| **વિ.મ.સ.વ. મારફતે** | **વિદ્વાન એ.પી.પી.શ્રી મયુરસિંહ વાઘેલા** |
| **આરોપી** | **(૧) મોહનસીંગ ઉર્ફે સીદ્ધીક બીશનલાલ શૈની (સરદાર),**<br>ઉ.વ.૫૭, રહે.બી–૩૭,<br>ડી.ડી.એ.ફલેટસ્, જહાંગીરપુરી,<br>મેટ્રો સ્ટેશનની બાજુમાં, દિલ્હી–૩૩.<br><br>**(૨) અશોકકુમાર તરસેમલાલ મેસેજી,**<br>ઉ.વ.૩૮, રહે.એ–૨૪૫,<br>ડી.ડી.એ.ફલેટસ્, જહાંગીરપુરી,<br>મેટ્રો સ્ટેશનની બાજુમાં, દિલ્હી–૩૩. |
| **આરોપીઓ તર્ફે** | **વિ.વકીલ શ્રી સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ ચલાવેલ છે.** |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૦૫ | રાજેશકુમાર રામજીભાઇ લીંબડની સોગંદ પરની જુબાની. | ફરીયાદી |
| ૨. | ૧૩ | કલ્પેશ વિઠ્ઠલદાસ સોલંકીની સોગંદ પરની જુબાની. | ત.ક.અ. |
| ૩. | ૧૪ | શ્રીમતીઅમીતા સત્યેન્દ્રકુમાર સીંધની સોગંદ પરની જુબાની. | સાહેદ |
| ૪. | ૧૫ | સમરતસિંહ નાથુસીંહ વાઘેલાની સોગંદ પરની જુબાની. | ત.ક.અ. |

## ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૬ | રજીસ્ટેશનના કાગળની નકલ. |
| ૨. | ૦૭ | તપાસ માટે ઉત્તરપ્રદેશ જવા માટેના હુકમની નકલ. |
| ૩. | ૦૮ | ટ્રક ડ્રાઇવર મોહનસિંહના ડ્રાઇવીંગ લાઇસન્સની નકલ. |
| ૪. | ૦૯ | આર.ટી.ઓ. નો તપાસ રીપોર્ટ. |
| ૫. | ૧૦ | આર.ટી.ઓ. આગ્રાનો લેખિત રીપોર્ટ. |
| ૬. | ૧૧ | ગુડગાવ, હરીયાણા આર.ટી.ઓ. કચેરીનો લેખિત જવાબ. |
| ૭. | ૧૨ | ફરીયાદની નકલ. |

## J U D G M E N T

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ પરપ્રાંતીય વિદેશી બનાવટનો ઇંગ્લીશ દારુનો જથ્થો ગુજરાત રાજયમાં પહોંચાડવા માટેનો સામાન્ય હેતુ પાર પાડવા માટે ગુજરાત સરકારના નશાબંધી ધારાનો અમલ કરાવનાર રાજય સેવકો સાથે ઠગાઇ કરવાના ઇરાદેથી ટ્રકને ખોટી નંબર પ્લેટ લગાડી તથા બનાવટી અને ખોટુ ડ્રાઇવીંગ લાયસન્સ સાથે રાખી તથા અન્ય ખોટા દસ્તાવેજો સાથે રાખી જેનો ખરા તરીકે ઉપયોગ કરતા પકડાઇ જઇ ગુનો કરી, **ઇ.પી.કો. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪** મુજબના ગુના અંગેની ફરીયાદ ફરીયાદીએ સાણંદ પો.સ્ટે. માં આપેલી જે ફરીયાદ ફ.ગુ.ર. નં.૩૩/૨૦૦૯ થી ગુનો નોંધાયેલો અને તપાસના અંતે ત.ક.અમલદારે ચાર્જશીટ કરેલુ અને ક્રિમીનલ કેસ નં.૯૬૬/૨૦૦૯ થી આરોપીઓ સામે કેસ ચલાવવા માટે રાખવામાં આવેલો.

(૨) આ કામે રેકર્ડ જોતાં ફલીત થાય છે કે આ કામના આરોપી નં.(૧) મોહનસિંગ ઉર્ફે સીદીક બીશનલાલ શૈની (સરદાર) (૨) અશોકકુમાર તરસેમલાલ મેસેજી ને અત્રેની કોર્ટ દ્વારા કરવામાં આવેલ સમન્સ અને વોરંટ વારંવાર કરવા છતાં આરોપી હાજર થયેલ નથી. હાલ આ કેસ આરોપીના કારણે વોરંટના સ્ટેજ પર ચાલતો આવેલા છે. આ કામે રેકર્ડ પરથી એવુ પણ ફલીત થાય છે કે આરોપીને હાજર રહેવા માટે આ અદાલત તરફથી અગાઉ ઘણી વખત સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ તેમછતાં આરોપી મળી આવેલ નથી અને આ અદાલત દ્વારા ઈસ્યુ થયેલા પ્રોસેસની બજવણી અને અમલ થઇ શકેલ નથી. જ્યારે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકતો જોતાં સદર કેસ વોરંટ ટ્રાયેબલ કેસ છે. આથી, આ તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લેતાં તે સ્પષ્ટ છે કે, આરોપી ક્યારે મળી આવશે તે નક્કી નથી અને અનિશ્ચિત છે. આથી, આરોપી વિરુધ્ધના હાલના કેસમાં સાહેદોનો પુરાવો નોંધી અને જાળવી રાખવો ન્યાયના હિતમાં હોવાનું ફલીત થતું હોય જેથી ન્યાયના વિશાળ હિતમાં હાલના આરોપી નં.(૧) મોહનસિંગ ઉર્ફે સીદીક બીશનલાલ શૈની (સરદાર) (૨) અશોકકુમાર તરસેમલાલ મેસેજી નાઓ વિરુધ્ધનો આ કેસ મારા પુરોગામી ન્યાયાધીશ સાહેબશ્રીના તા.૨૭/૦૯/૨૦૨૪ ના હુકમ મુજબ CRPC કલમ-૨૯૯ અન્વયે આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જેથી, સદર કેસ આ કામના આરોપીઓની ગેરહાજરીમાં ચલાવવામાં આવેલ છે. સમગ્ર કેસનું રેકર્ડ જોતાં, આ કેસમાં જ્યારે આરોપીઓ હાજર રહેલા નથી કે ફરિયાદમાં જણાવેલ બનાવ આરોપીઓ દ્વારા જ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના આરોપીઓ હાજર નહી રહેતાં અને આજદિન સુધી ઘણી બધી વખત વોરંટ કરવા છતાં, આરોપીઓને તે બજેલ નથી કે આરોપીઓ હાજર થયેલ નથી. હાલનો કેસ સને ૨૦૦૯ થી પેન્ડીંગ હોય અને ઉપરોકત જણાવ્યા મુજબના પુરાવા તથા કેસના સંજોગો જોતાં વધુ સમય માત્ર આરોપીઓને હાજર થવા બાબતે મૂકી રાખવો ઉચીત જણાતું નથી.

Now, looking to the provision of section 353(6) of the Cr.P.C., it runs thus.......
353 Judgment:-
1. ---
2. ---
3. ---
4. ---
5. ---

6. If the accused is not in custody, he shall be required by the Court to attend to hear the judgment pronouced, except where his personal attendance during the trial has been dispensed with and the sentence is one of fine only or he is acquitted:

Provided that, where there are more accused than one or more of them do not attend the Court on the date onwhich the judgment is to be pronounced, the presiding officer may, in order to avoid undue delay in the disposal of the case, pronounce the judgment notwithstanding their absence.

7. ---

8. ---

I also go throgh the circular No. C.2618/2016, dtd. 05.07.2016 of Hon'ble Gujrat High Court, so far as the legal aspects to pronounce the Judgment in the absence of the accused for unnecessary delay.

(૩) સદર કામે ફરીયાદપક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપરોકત જણાવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે ધ્યાને લીધા.

(૪) ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી નાઓની મૌખિક વિનંતીના આધારે વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોય ફરીયાદપક્ષના પુરાવાનો હક્ક બંધ કરેલ છે. તેમજ, ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતાં, આ કામના આરોપીઓ મળી આવતા ન હોય, સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ હોય, જેથી આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષની રજુઆતો સાંભળવામાં આવેલ છે.

## <u>દલીલોઃ–</u>

(૫) ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે તથા આરોપી સામે સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) ઉપરોકત હકીકતે તથા પડેલ પુરાવા ધ્યાને લેતાં, આ કેસના નિર્ણય સારૂ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| ક્રમ | મુદ્દાઓ | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આરોપીઓએ પરપ્રાંતીય વિદેશી બનાવટનો ઇંગ્લીશ દારુનો જથ્થો ગુજરાત રાજયમાં પહોંચાડવા માટેનો સામાન્ય હેતુ પાર પાડવા માટે ગુજરાત સરકારના નશાબંધી ધારાનો અમલ કરાવનાર રાજય સેવકો સાથે ઠગાઇ કરવાના ઇરાદેથી ટ્રકને ખોટી નંબર પ્લેટ લગાડી તથા બનાવટી અને ખોટુ ડ્રાઇવીંગ લાયસન્સ સાથે રાખી તથા અન્ય ખોટા દસ્તાવેજો સાથે રાખી જેનો ખરા તરીકે ઉપયોગ કરતા પકડાઇ જઇ ગુનો કરી, ઇ.પી.કો. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબનો ગુનો કરેલ છે ? | નકારમાં |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

**(૭)** ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

## <u>// કારણો //</u>

**<u>મુદ્દા નં.૧–</u>**

**(૮)** ફરિયાદપક્ષ તર્ફે આંક–૦૫ થી ફરીયાદી રાજેશકુમાર રામજીભાઇ લીંબડ નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, તેઓ તારીખ ૩૦/૩/૨૦૦૯ ના રોજ સાણંદ પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે સાણંદ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૮/૨૦૦૯ ની તપાસ તેઓ કરતા હતા. જે ગુનાના કામે ટ્રક નંબર એચ આર ૫૫ બી ૮૪૫૮ ની કબજે કરવામાં આવેલી અને સદરહુ ગુનાના કામે આરોપી મોહનસિંગ બીસનલાલ સરદાર સૈની રહે.દીલ્હી ને અશોક કુમાર તરસેમલાલને અટક કરવામાં આવેલા તેમજ ટ્રકના રજીસ્ટેશન અંગે ના કાગળોની ઝેરોક્ષ નકલ તેમજ ડાઇવર મોહનસિંગ ના ડાઈવિંગ લાયસન્સ ની ઝેરોક્ષ નકલ મેળવવામાં આવેલી. જે ઝેરોક્ષ નકલ હોવાથી તેની ખરાઈ કરવા માટે એ અસ આઈ સતીષચંદ ને લીખીત હુકમ આપી ગુડગાંવ

હરીયાણાં, તેમજ આગ્રા ઉત્તરપ્રદેશ મુકામે આરટીઓ કચેરીમાં જઈ જરુરી માહીતી મેળવી રીપોટ આપવા જણાવેલુ. તેમને આ ટ્રકના રજીસ્ટેશન અંગેના કાગળોની નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમની તપાસના કામે મેળવવામાં આવેલા કાગળો છે. જે રજીસ્ટ્રેશનના કાગળોની નકલ આ કામે રજુ દાખલ આંક–૬ આપવામાં આવેલ છે. આ કામે એ એસ આઈ સતીષચંદને કાગળોની ખરાઈ કરવા હરીયાણા તથા ઉત્તરપ્રદેશ જવાનો હુકમ કરેલ જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે તે હુકમની નકલ આ કામે આંક–૦૭ થી રજુ રાખેલ છે. વધુમાં ટ્રક ડ્રાઈવર મોહનસિગના ડાઈવીંગ લાયસન્સની નકલ તેઓએ તેમની તપાસ દરમ્યાન મેળવેલી. જે ડાઈવીંગ લાયસન્સને રજુ દાખલ આંક–૦૮ આપવામાં આવેલ છે. તેમના હુકમના આધારે એ એસ આઈ સતીષચંદએ હરીયાણાં તથા યુપી જઈ આરટીઓમાં તપાસ કરી તે બાબતનો લેખીત રીપોટ તેમને આપેલો. જે અસલ રીપોર્ટ તેઓ સાથે લાવેલ છે જે રીપોર્ટ આ કામે આંક–૦૯ થી રજુ રાખેલ છે. આ રીપોર્ટ અનુસાર આ કામે આરોપીઓએ ટ્રકના રજીસ્ટ્રેશનના જે કાગળો રજુ કરેલા તેમાં દર્શાવેલ ટ્રક નંબર એચ આર ૫૫ બી ૮૪૫૮ નો વાસ્તવમાં દિલ્હી – હરીયાણાં રોડવેઝની બસનો હોવાનું જણાવેલુ અને તે રીતે આંક–૬ વાળા તેમની સમક્ષ રજુ થયેલા ટ્રકના રજીસ્ટેશનના કાગળો ખોટા હોવાનું જણાવેલ. વધુમાં ટ્રક ડ્રાઈવર મોહનસિંગના આંક–૮ વાળા ડ્રાઈવીંગ લાયસન્સ બાબતે તેમના એ એસ આઈ સતીષચંદએ આર.ટી.ઓ. આગ્રા જઈ કરેલી તપાસમાં આર.ટી.ઓ કચેરી આગ્રા તરફથી આવુ કોઈ ડાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવામાં ન આવેલ હોવાનુ જણાવેલું. આમ આંક–૮ વાળુ મોહનસિંગનુ ડાઈવીંગ લાયસન્સ પણ ખોટુ અને બનાવટી હોવાનુ જણાવેલ. આ કામે ડ્રાઈવર મોહનસિંગના ડાઈવીંગ લાયસન્સ બાબતે આર.ટી.ઓ.આગ્રા તરફથી લેખીત જવાબ આપવામાં આવેલ. જે આ કામે આંક–૯ ના રીપોર્ટ સાથે અલગથી સામેલ છે. જે જવાબ આ કામે રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવેલ છે. વધુમાં ટ્રકનાં રજીસ્ટ્રેશન બાબતે ગુડગાંવ, હરીયાણા આર.ટી.ઓ. કચેરી તરફથી તેમના એ.એસ.આઈ. સતીષચંદુએ જે લેખીત જવાબ મેળવેલ તે આ કામે તેમનાં આંક–૯ નાં રીપોર્ટ સાથે અલગથી સામેલ છે. જે ગુડગાવ, હરીયાણા, આર.ટી.ઓ. કચેરીનો જવાબ આ કામે રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવેલ છે. આથી, આ તમામ હકીકતો ધ્યાને લઈ તેઓ આ કામે

આરોપીઓ વિરૂધ્ધ ભારતિય દંડ સંહીતાની કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૮, ૪૭૧, ૪૭૬ તથા ૩૪ મુજબની ફરીયાદ સાણંદ પોલીસ સ્ટેશનમાં આપેલી. તેમને તે ફરીયાદની નકલ બતાવવામાં આવે છે. જે જોઈને કહે છે કે, તેમાં ફરીયાદી તરીકે જે સહી છે તે તેમની જ છે. જે અસલ ફરીયાદ આ કામે રજુ દાખલ આંક–૧૨ આપવામાં આવેલ છે. આ કામના આરોપીઓ વિરુધ્ધ પ્રોહીબીશનના ગુનામાં તેઓ તપાસકર્તા અધિકારી હોવાથી આરોપીઓને ઓળખે છે જે હાજર નથી જો હાજર હોય તો તેઓ ઓળખી બતાવે તેવુ જણાવેલ છે.

(૯) ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૩ થી ત.ક.અ. કલ્પેશ વિઠ્ઠલદાસ સોલંકી નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, સને–૨૦૦૯ ની સાલમાં તેઓ સાણંદ પો.સ્ટે.માં પી.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા ત્યારે તા.૩૦/૦૩/૨૦૦૯ ના રોજ આઇ.પી.સી. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬ અને ૩૪ ના ગુન્હાના કામે આરોપીઓ નામે મોહનસીંગ સૈની, ૨. અશોક મહેરા નાઓની અટક કરી નામદાર કોર્ટમા રીમાન્ડ લેવા સારુ અરજી કરતા નામદાર કોર્ટે રીમાન્ડ અરજીનો હુકમ કરેલો અને રીમાન્ડ દરમ્યાન તેઓએ આ કેસની તપાસ કરેલી ત્યારબાદ આરોપીઓએ જામીન અરજી કરતા તેઓને નોટીસ નીકળતાં તેઓએ જામીન અરજી સબંધે વાંધા આપેલા, ત્યારબાદ આગળની તપાસ શ્રી એસ.એમ. વાઘેલા નાઓને સોંપી દીધેલી. આરોપીઓને જોયેથી ઓળખી શકે તેવુ જણાવેલ છે.

(૧૦) ફરિયાદપક્ષ તર્ફે આંક–૧૪ થી સાહેદ શ્રીમતી અમીતા સત્યેન્દ્રકુમાર સીંધ નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, તેઓ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી એ.આર.ટી.ઓ. તરીકે આગ્રા ખાતે ફરજ બજાવતા હતા ત્યારે સાણંદ પી.આઈ. તરફ થી ડ્રાઈવીંગ લાયસન્સ નં.૯૯૩૩૯ જેની ઈસ્યુ તા. ૧૩/૯/૨૦૦૮ ના રોજની મોહનસીંગ નાઓનું થયેલું જે બાબતે તપાસ કરવા સારું પત્ર મળતાં તેઓએ તા.૨૭/૩/૨૦૦૯ ના રોજ પી.આઈ.શ્રી સાણંદ જી. અમદાવાદ નાઓને પત્ર લખી જણાવેલ કે, ડ્રાઈવીંગ લાયસન્સ નં.૯૯૩૩૯ તા. ૧૩/૯/૨૦૦૮ના રોજ તેમની કચેરીમાંથી ઈસ્યુ થયેલ તે તેમની કચેરીએથી ઈસ્યુ

થયેલ નથી કારણ કે તા.૧૩/૯/૨૦૦૮ ના રોજ બીજો શનીવાર હતો, જે દીવસે તેઓની કચેરી બંધ હતી, જાહેર રજા હતી, અને તા.૧૨/૯/૨૦૦૮ સુધી છેલ્લા ડ્રાઈવીંગ લાયસન્સ સંખ્યા ૪૧૩૨૧/એજી/૦૮ હતી, જે તેઓને આંક-૧૦ વાળો પત્ર બતાવામાં આવે છે તેમા તેમની સહી તથા સિકકો છે જે તેઓ ઓળખે છે તથા તેઓને સાણંદના પત્ર સાથે ડ્રાઈવીંગ નં.૯૯૩૩૯ ની કોપી મોકલવામાં આવેલ તે તેજ લાયસન્સ છે જે આંક-૮ થી નામ.કોર્ટના રેકર્ડમાં રજુ છે તેવુ જણાવેલ છે.

**(૧૧)** ફરિયાદપક્ષ તર્ફે આંક-૧૫ થી ત.ક.અ. સમરતસિંહ નાથુસીંહ વાઘેલા નાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં, સને-૨૦૦૯ ની સાલમાં તેઓ એ.એસ.આઇ. તરીકે સાણંદ પો.સ્ટે.માં ફરજ બજાવતા હતા ત્યારે પી.એસ.આઇ. આર.આર.લીંબડ નાઓએ ફર્સ્ટ ગુન્હા નં.૩૩/૨૦૦૯, ઇ.પી.કો. કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૩૪ મુજબનો ગુન્હો રજીસ્ટર્ડ થયેલ જે બાબતની તપાસ કે.વી.સોલંકી પી.એસ.આઇ. નાઓએ કરેલી, ત્યારબાદ વધુ તપાસ તેઓને સોંપેલી તેઓએ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડેલ હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ તેવુ જણાવેલ છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ-</u>**

**(૧૨)** આ કામે આરોપી સામે જયારે ભારતીય દંડ સંહીતાની કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબના ગુન્હાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદ પક્ષે સર્વ પ્રથમ આરોપી સામે એ હકીકત પ્રસ્થાપિત કરવી પડે કે, આ કામના આરોપીએ ભારતીય દંડ સંહીતાની કલમ-૪૬૩ તથા ૪૬૪ મા દર્શાવ્યા મુજબ બનાવટી અને ખોટા દસ્તાવેજો એટલે કે કુટલેખન બનાવેલ છે અને આવા દસ્તાવેજો બનાવવા પાછળ આરોપીનો ઈરાદો કોઈને નુકશાન અથવા હાની પહોંચાડવાનો હતો અને આવો દસ્તાવેજ ઈ.પી.કો.ક-૪૬૪ માં દર્શાવેલ ત્રણ પૈકી કોઈ એક પ્રકારમાં પડે છે અને આવો દસ્તાવેજ આરોપીએ અપ્રમાણીકપણે અથવા કપટપુર્વક અથવા કલમ-૪૬૩ માં દર્શાવેલ કોઈ ઈરાદાથી કરી આપેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૪૭૧ મુજબનો ગુન્હો સાબીત કરવા માટે સર્વપ્રથમ એ હકીકત સાબીત કરવી પડે કે, કહેવાતા દસ્તાવેજ બનાવટી છે, આવો બનાવટી

દસ્તાવેજ આરોપીએ કર્યો હતો અથવા આરોપી જાણતા હતા, અથવા તેમને એવુ માનવાને કારણ હતુ કે આ દસ્તાવેજ બનાવટી છે તેમજ આરોપી આ દસ્તાવેજ બનાવટી હોવાનુ જાણવા છતા તેનો ઉપયોગ સાચા તરીકે કર્યો છે અને આરોપીએ આવુ કૃત્ય કપટ કરવાના ઈરાદાથી અપ્રમાણીક પણે કરેલ છે.

## ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૩ તથા ૪૬૫ :–

કોઈ વ્યકિત, જનતાને અથવા કોઈ વ્યક્તિને નુકશાન કરવાના અથવા હાની પહોં ચાડવાના અથવા કોઈ દાવા કે આત્મસમર્પણ કરાવવા અથવા કોઈ વ્યકિત કોઈ મિલ્કત સોંપી દે તેવું કરાવવા અથવા તેવી વ્યકિત પાસે સ્પષ્ટ કે ગર્ભીત કરાર કરાવવાના ઈરાદાથી અથવા કપટ કરવાના ઈરાદાથી કોઈ બનાવટી દસ્તાવેજ અથવા કોઈ દસ્તાવેજનો ભાગ બનાવે તે બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે છે. જે વ્યકિત બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે તો તેની સજાની જોગવાઈ કલમ ૪૬૫ માં કરવામાં આવેલ છે.

## ભારતીય દંડ સંહિતાની કલમ ૪૬૬ :–

ન્યાયાલયના રેકોર્ડ અથવા જાહેર રજીસ્ટર વગેરેની ખોટી નકલ બનાવવી.

જે કોઈ ન્યાયાલયના રેકોર્ડ અથવા કાર્યવાહી તરીકેના દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકોર્ડની ખોટી નકલ બનાવે છે, અથવા જન્મ, બાપ્ટિઝમ, લગ્ન અથવા સમાધિનો રજીસ્ટર, અથવા જાહેર સેવક દ્વારા રાખવામાં આવેલ રજીસ્ટર, અથવા જાહેર સેવક દ્વારા તેની સત્તાવાર ક્ષમતામાં બનાવવામાં આવેલ પ્રમાણપત્ર અથવા દસ્તાવેજ, અથવા કેસ દાખલ કરવાનું અથવા બચાવનું અધિકાર, અથવા તેની અંદર કોઈ કાર્યવાહી હાથ ધરવું, અથવા દોષ સ્વીકારવું, અથવા પાવર ઓફ એટર્ની બનાવવું, તો તેને જેલની સજા, જે સાત વર્ષ સુધી લંબાવી શકાય છે, અને દંડ પણ થઈ શકે છે.

## ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૭ :–

કિંમતી જામીનગીરી, વીલ વિગેરેની ખોટી બનાવટ કરવાનો ગુનો :–

જે કોઈ વ્યકિત, કોઈ કિંમતી જામીનગીરી અથવા વીલ અથવા પુત્ર

દતક લેવાનું અધિકારપત્ર હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજ અથવા કોઈ કિંમતી જામીનગીરી બનાવવાનો અથવા તેનો તબદીલ કરવાનો અથવા મુદલ રકમ, તેનું વ્યાજ કે ડીવીડન્ડ સ્વીકારવાનો અથવા કોઈ રકમ, વસ્તુ કે કિંમતી જામીનગીરી સ્વીકારવાનો કે આપવાનો અધિકાર આપતો હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની અથવા જે નાણાં મળ્યાની પહોંચ અથવા પાવતી અથવા કોઈ વસ્તુ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કે કિંમતી જામીનગીરી મળી ગયાની પહોંચ અથવા પાવતી હોવાનું અભિપ્રેત હોય તેવા દસ્તાવેજની ખોટી બનાવટ કરેવાનો ગુનો કરે તેને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

## ભારતીય દંડ સંહિતાની કલમ– ૪૬૮ઃ–

ઠગાઇ (છેતરપીંડી) કરવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબત.

જે કોઈ વ્યકિત બનાવટી દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનીક રેકોર્ડ બનાવટી બનાવવાનો ઈરાદો રાખે છે તેનો ઉપયોગ છેતરપીંડીના હેતુ માટે થાય તેને સાત વર્ષ સુધીની કેદની સજા થશે અને દંડને પાત્ર પણ થશે.

## ભારતીય દંડ સંહિતાની કલમ ૪૭૧ઃ–

બનાવટી (દસ્તાવેજનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત)

જે કોઈ વ્યકિત, (કોઈ બનાવટી દસ્તાવેજનો અથવા ઈલેકટ્રીક રેકર્ડનો) બનાવટી હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો બદદાનત થી અથવા કપટપુર્વક ખરા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરે. તેણે પોતે તે (કોઈ બનાવટી દસ્તાવેજનો અથવા ઈલેકટ્રીક રેકર્ડનો) ખોટી બનાવટ કરવાનો ગુનો કર્યો હોય એમ ગણી તેને તે જ શિક્ષા કરવામાં આવશે.

<u>તત્વો :–</u>

(૧) કોઈ દસ્તાવેજના ખરા દસ્તાવેજ તરીકે કપટી અને અપ્રમાણીક ઉપયોગ

(૨) એમ ઉપયોગ કરનારને એની જાણ અથવા એવું માનવાને કારણ હોવું કે એ દસ્તાવેજ એ બનાવટી દસ્તાવેજ છે.

બનાવટી દસ્તાવેજ કોને કહેવાય તે અંગેની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ–૪૭૦ માં આપવામાં આવેલ છે અને તે જોવામાં આવે તો બનાવટ કરીને તૈયાર કરેલા પુરા કે અંશતઃ ખોટા દસ્તાવેજને બનાવટી દસ્તાવેજ કહેવામાં આવે છે. હવે ઉપરોકત કલમ ૪૭૦ વંચાણે લેતાં તેમાં બનાવટ કરીને તૈયાર કરેલા પુરા કે અંશતઃ ખોટા દસ્તાવેજને બનાવટી દસ્તાવેજ કહેલ છે. હવે જે સંદર્ભમાં ખોટો દસ્તાવેજ કોને કહેવાય તે બાબતે ચર્ચા કરવામાં આવે તો તેની વ્યાખ્યા ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૪ માં વિગતવાર આપવામાં આવેલી છે.

જેથી ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૩ જોવામાં આવે તો તે બનાવટી દસ્તાવેજ બનાવવા બાબતેની છે અને તે વંચાણે લેવામાં આવે તો કોઈ પણ વ્યકિત, જનતા અથવા કોઈ વ્યક્તિને નુકશાન કરવા અથવા હાની પહોંચાડવાના અથવા કોઈ દાવા કે હકકનું સમર્થન કરાવવાના અથવા કોઈ વ્યકિત કોઈ મિલ્કત આપી દે તેવું કરવાના અથવા તેની પાસે કાઈ સ્પષ્ટ કે ગર્ભીત કરાવવાના ઈરાદાથી કે કપટ કરવાના ઈરાદાથી કોઈ દસ્તાવેજ કે તેનો ભાગ બનાવે તો તે બનાવટી દસ્તાવેજ બનાવવાનો ગુન્હો કરે છે તેમ ગણાય.

હવે આ સંદર્ભમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૪૬૪ જોવામાં આવે તો, તે ખોટો દસ્તાવેજ બનાવવા બાબતની છે અને તેને ત્રણ વિભાગમાં જણાવવામાં આવેલ છે. પહેલું–કોઈ દસ્તાવેજ અથવા દસ્તાવેજનો કોઈ ભાગ જે વ્યક્તિએ અથવા તે વ્યકિતના અધિકારથી તે બનાવ્યો છે, તેના પર સહી કરી છે, તેના પર સિકકો માર્યો છે કે તે કરી આપ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથીઅથવા જે સમયે તે થયો નથી, તેમાં સહી થઈ નથી, તેના પર સિકકો માર્યો નથી કે તે કરી આપવામાં આવ્યો નથી, તે સમયે તે થયો છે, તેમાં સહી થઈ છે, તેના પર સિકકો માર્યો છે કે તે કરી આપવામાં આવ્યો છે તેમ માનવા પ્રેરવાના ઈરાદાથી અપ્રમાણીક પણે અથવા કપટપુર્વક તે દસ્તાવેજનો કોઈ ભાગ બનાવે, તેમાં સહી કરે, તેના પર

સિકકો મારે કે તે કરી આપે અથવા તે દસ્તાવેજ કરી આપવામાં આવ્યો છે તેવું દર્શાવતી નિશાની કરે અથવા બીજું – પોતે અથવા અન્ય કોઈ વ્યક્તિએ અમુક દસ્તાવેજ બનાવ્યા બાદ કે તે કરી આપ્યા બાદ કાનુની અધિકાર વગર અપ્રમાણીકપણે અથવા કપટપુર્વક રદ કરીને કે અન્ય રીતે તે દસ્તાવેજના મહત્વના ભાગમાં ફેરફાર કરે, પછી ભલે તે અન્ય વ્યકિત દસ્તાવેજમાં એવો ફેરફાર કરવા સમયે હયાત હોય કે હયાત ન હોય, અથવા ત્રીજું –કોઈ વ્યકિત મગજની અસ્થિરતા કે નશાના કારણે અમુક દસ્તાવેજોમાં શું વિગતો છે અથવા તેમાં કેવા પ્રકારનો ફેરફાર થાય છે તે જાણી શકે તેમ નથી અથવા તે વ્યક્તિની સાથે છેતરપિંડી થઈ હોવાના કારણો જાણતી નથી તેવું પોતે જાણવા છતાં તેની પાસે, અપ્રમાણિકપણે અથવા કપટપુર્વક તે દસ્તાવેજ પર સહી કરાવે, સિકકો મરાવે, તે દસ્તાવેજ કરાવી લે કે તેમાં ફેરફાર કરાવે તેણે ખોટો દસ્તાવેજ બનાવ્યો કહેવાય.

## <u>ભારતીય દંડ સંહિતાની કલમ ૪૭૬ :–</u>

કલમ–૪૬૭ માં વર્ણવેલા દસ્તાવેજો સિવાયના દસ્તાવેજોને પ્રમાણિત કરવા માટે વપરાતું સાધન અથવા નિશાનીની ખોટી બનાવટ કરવા બાબત અથવા બનાવટી નિશાનીવાળો પદાર્થ કબજામાં રાખવા બાબત.

જે કોઈ વ્યક્તિ, કોઈ પદાર્થ ઉપર અથવા તેમાં આ અધિનિયમની કલમ–૪૬૭માં વર્ણવેલા દસ્તાવેજો સિવાયના કોઈ દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ ને પ્રમાણિત કરવા માટે વપરાતી મુદ્રા અથવા નિશાનીની ખોટી બનાવટ એવા ઈરાદાથી કરે કે તે પદાર્થો ઉપર જે [દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ]ની ખોટી બનાવટ કરી હોય કે હવે પછી કરવાની હોય તે [દસ્તાવેજ અથવા ઈલેક્ટ્રોનિક રેકર્ડ] પ્રમાણિત થયેલો છે એમ દેખાડવા માટે તે મુદ્રા અથવા નિશાનીનો ઉપયોગ કરવામાં આવશે અથવા જે પદાર્થ ઉપર અથવા જે પદાર્થમાં એવી કોઈ મુદ્રા અથવા નિશાનીની ખોટી બનાવટ કરવામાં આવી હોય તે પદાર્થને એવા ઈરાદાથી પોતાના કબજામાં રાખે, તેને સાત વર્ષની મુદ્દત સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

## **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૪૨૦ઃ–</u>**

ઠગાઈ કરવા અને બદદાનત થી મિલ્કત આપી દેવા માટે લલચાવવા બાબત.

જે કોઈ વ્યકિત, ઠગાઈ કરે અને એમ કરીને કોઈ મિલ્કત આપી દેવા અથવા કોઈ કિંમતી જામીનગીરી અથવા સહી સીકકા કરેલી અને કિંમતી જામીનગીરીમાં ફેરવી શકાય તેવી કોઈ વસ્તુ પુરેપુરી અથવા આંશિક કરી આપવા, તેમાં ફેરફાર કરવા, નાશ કરવા માટે છેતરાયેલી વ્યકિતને બદદાનત થી લલચાવે તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થાશે.

ભારતીય દંડ સંહિતાની કલમ–૪૨૦ સાથે કલમ–૪૧૫ પણ ધ્યાને લેવી જરૂરી છે.

## **<u>ભારતીય દંડ સંહિતાની કલમ ૪૧૫ :–</u>**

જે કોઈ વ્યકિત, બીજા કોઈ વ્યક્તિને છેતરીને, તેને કોઈને કંઈ મિલ્કત આપી દેવા અથવા કંઈ મિલ્કત કોઈ પાસે રહેવા દેવાની સંમતી આપવા કપટપુર્વક અથવા બદદાનત થી લલચાવે અથવા તે છેતરાઈ ન હોત, અને જે ન કરત તે કરવા અથવા જે કરત તે ન કરવા ઈરાદાપુર્વક લલચાવે અને જો એવાં કૃત્ય અથવા કાર્યલોપથી તે બીજી વ્યક્તિના શરીર, મન, પ્રતિષ્ઠા કે મિલ્કતને નુકશાન અથવા હાનિ થાય અથવા થવાનો સંભવ હોય તો તેણે '' ઠગાઈ' કરી કહેવાય.

આ કલમના નીચેના તત્વો હોવા જરૂરી છે.

(૧) કોઈ વ્યકિતને છેતરવી

(૨)(એ) એ વ્યક્તિને કપટપુર્વક અપ્રમાણીકપણે લલચાવી

(i) જેથી કરીને એ કોઈ વ્યકિતને કોઈ મિલ્કત આપી દે, અથવા

(ii) કોઈ વ્યકિત અમુક મિલ્કત રાખશે એવી સંમતી આપે અથવા

(બી) ઈરાદાપુર્વક એ વ્યકિતને લલચાવે તે જેથી કરીને, એ જો ન છેતરાયો હોત તો જે વસ્તુ કે કાર્ય તે વ્યકિતને માનસીક, શારિરીક અથવા આબરૂ તથા મિલ્કત વિષયમાં તે કરે નહી અથવા જેનો તે લોપ કરે નહી એ વસ્તુઓ કરે અથવા લોપ કરે.

## <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪ :–</u>

જુદી જુદી વ્યક્તિઓએ સામાન્ય ઈરાદો બર લાવવા કરેલા કૃત્યો.

જુદી જુદી વ્યક્તિઓએ તેમનો બધાનો સામાન્ય ઈરાદો બર લાવવા માટે કોઈ ગુનાહીત કૃત્ય કર્યું હોય ત્યારે એવી વ્યક્તિઓ પૈકીની દરેક વ્યક્તિ તે કૃત્ય પોતે એકલાએ જ કર્યું હોય તે રીતે તે કૃત્ય માટે જવાબદાર છે.

**(૧૩)** ઉપરોક્ત દર્શાવેલ જોગવાઇઓ તેમજ રેકર્ડ પરની હકીકતો તથા રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવે છે.

**(૧૩.૧)** આ કામે ફરીયાદી રાજેશકુમાર રામજીભાઇ લીંબડ નાઓએ તેમના આંક–૦૫ ના પુરાવામાં આ કામના આરોપી મોહનસીંગ બિસનલાલ સરદાર શૈની તેમજ અશોકકુમાર તરસેમલાલ પાસે ટ્રકના રજીસ્ટ્રેશનના કાગળો માંગતા તેઓએ તેની ઝેરોક્ષ નકલો આપેલી અને આરોપીઓએ ટ્રકના રજીસ્ટ્રેશનના જે કાગળો રજુ કરેલા તેમાં દર્શાવેલ ટ્રક નં.એચ.આર.૫૫.બી.૮૪૫૮ નો વાસ્તવમાં દિલ્હી હરીયાણા રોડવેઝની બસનો હોવાનું જણાઇ આવેલુ અને રજુ થયેલા ટ્રકના રજીસ્ટ્રેશનના કાગળો ખોટા હોવાનું જણાઇ આવેલ. વધુમાં, આ બાબતે હરીયાણા તથા યુ.પી. આર.ટી.ઓ. માં તપાસ કરીને આંક–૦૯ થી રીપોર્ટ રજુ કરેલ છે જે એ.એસ.આઇ. સાણંદ પો.સ્ટે. નાઓનો રીપોર્ટ તા.૨૮/૦૩/૨૦૦૯ ના રોજનો છે. આ ગુનાની ફરીયાદ જોતાં તે તા.૩૦/૦૩/૨૦૦૯ ના રોજની છે જ્યારે હાલનો આ એ.એસ.આઇ.શ્રીનો રીપોર્ટ તા.૨૮/૦૩/૨૦૦૯ ના રોજનો છે એટલે કે હાલના ગુનાની ફરીયાદ દાખલ થાય તે અગાઉનો આ રીપોર્ટ રજુ થયેલ છે. વધુમાં, હરીયાણા, આર.ટી.ઓ. નો કોઇ રીપોર્ટ આ સાથે સામેલ રાખવામાં આવેલ નથી કે જેમાં ટાટા ટ્રક નં.એસ.આર.૫૫. બી. ૮૪૫૮, ચેસીસ નં.૪૨૬૦૧૦ એમ.ઝેડ.ઝેડ. ૨૦૮૨૦૯ બાબતે આર.ટી.ઓ. કચેરી, ગુડગાવ ખાતે તપાસ કરીને ઉપરોક્ત નંબરનું વાહન દિલ્હી–હરીયાણા રોડવેઝની બસ હોવાનું બતાવતો ગુડગાવ, આર.ટી.ઓ. કચેરીનો કોઇ લેખિત આધાર પુરાવો ફરીયાદી કે તપાસ કરનાર અમલદારના પુરાવામાં કે સમગ્ર ટ્રાયલ દરમ્યાન રજુ કરવામાં આવેલ નથી.

**(૧૩.૨)** તેમજ, ફરીયાદપક્ષના કેસ મુજબ લાયસન્સ નં.એમ.૯૯૨૩૯ તા.૧૩/૦૯/ ૨૦૦૮ નું લાયસન્સ આગ્રા લાયસન્સીંગ ઓથોરીટી કચેરી ખાતે

તપાસ કરતાં સંભાગીય પરીવહન આગ્રા નાઓએ લાયસન્સની ખરાઇ કરતાં આ લાયસન્સ તેઓની કચેરી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નથી અને તા.૧૩/૦૯/૨૦૦૮ ના રોજ બીજો શનિવાર આવતો હોય, ઉત્તરપ્રદેશની તમામ સરકારી કચેરી બંધ રહે છે અને તા.૧૨/૦૯/૨૦૦૮ ના રોજનું લાયસન્સ ૪૧૩૨૧/એ.જી./૦૮ નું તેઓની કચેરી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નહિ. જે સંદર્ભે ફરીયાદીએ તેઓના પુરાવામાં આંક-૧૦ થી સહાયક સંભાગીય પરિવહન અધિકારી (પ્રશાસન) આગ્રા નાઓ દ્વારા તા.૨૭/૦૩/૨૦૦૯ ના રોજનો રીપોર્ટ રજુ કરેલ છે તેમજ આંક-૧૪ થી શ્રીમતી અમિતા સત્તેન્દ્રકુમાર સીંગ નાઓનો પુરાવો નોંધવામાં આવેલ છે તેમના સોગંદ પરના પુરાવામાં આ રીપોર્ટની હકીકતને સમર્થન આપેલ છે અને તેઓ દ્વારા આ રીપોર્ટ ઇસ્યુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે અને તેઓની કચેરી દ્વારા રીપોર્ટમાં જણાવેલ લાઇસન્સ રજુ નહિ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ, આ કામે ફરીયાદપક્ષે આંક-૦૮ થી આ લાયસન્સની ઝેરોક્ષ નકલ રજુ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદપક્ષે અસલ લાયસન્સ રજુ કરવામાં આવેલ નથી અને માત્ર ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ પ્રોહીબીશનની રેડ દરમ્યાન આ ડ્રાઇવીંગ લાયસન્સની નકલ તપાસ દરમ્યાન મેળવેલી પરંતુ, અસલ ડ્રાઇવીંગ લાયસન્સ અંગે ફરીયાદપક્ષ તર્ફે કોઇ ખુલાસો કરેલ નથી અને અસલ ડ્રાઇવીંગ લાયસન્સ નહિ રજુ કરવા માટેનો પણ કોઇ સંતોષકારક પુરાવો ફરીયાદી કે ત.ક.અ. ના પુરાવામાં રજુ કરવામાં આવેલ નથી. આમ, આંક-૦૮ વાળુ ડ્રાઇવીંગ લાયસન્સ સેકન્ડરી એવીડન્સ તરીકે રજુ થયેલ છે પરંતુ, તેની અસલ રજુ નહિ કરવાનું કોઇ વ્યાજબી કારણ ફરીયાદપક્ષે જણાવેલ નથી. આથી, હાલની આ લાયસન્સની ઝેરોક્ષની મુખ્ય પુરાવા તરીકે ધ્યાને લઇ શકાય નહિ. વધુમાં, આ ડ્રાઇવીંગ લાયસન્સ કોના દ્વારા બનાવવામાં આવેલ તેને લગતો પણ કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. ફરીયાદપક્ષે આ ગુનાની તપાસ કરનાર ત.ક.અ.શ્રી નાઓનો પુરાવો રજુ કરવામાં આવેલ છે. પરંતુ, તેઓના પુરાવામાં તેઓએ શું મહત્વની કામગીરી કરેલી તેને લગતો તેમજ ફરીયાદપક્ષને સમર્થન થાય તેવો મહત્વનો પુરાવો રજુ થયેલ નથી. આમ, આ કામના આરોપીઓ સામે જ્યારે ઇ.પી. કો. કલમ-૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબના ગંભીર ગુનાનો આક્ષેપ છે ત્યારે અને જ્યારે આ ગુનાઓ દસ્તાવેજી પુરાવા ઉપર

આધારીત છે ત્યારે પુરાવાઓની સાંકળ પુરી થાય તેવો કોઇ સંકલિત પુરાવો રજુ કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

**(૧૪)** ભારતીય પુરાવા અધિનિયની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરુદ્ધ નિઃશંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરિયાદપક્ષ પર મુકવામાં આવે છે. પરંતુ સદર કેસમાં ફરિયાદપક્ષે મુકેલા આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલા છે. જ્યારે ફરિયાદપક્ષ તર્ફે ફરિયાદીની જુબાની તેમજ મૌખિક અને દસ્તાવેજી પુરાવા વચ્ચે સુસંગતતા ન હોય, ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુન્હા આરોપીઓએ કર્યા અંગે શંકા ઉપજાવે છે. આરોપીઓએ ગુનો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીઓને મળવાપાત્ર છે. ક્રિમિનલ જસ્ટીસનો મૂળભૂત સિદ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છૂટી જાય પરંતુ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. ક્રિમીનલ જ્યુરીસપ્રુન્ડસના પ્રસ્થાપિત સિદ્ધાંતો અને ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં, જો રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, તે આરોપીઓને તકસીરવાન ઠરાવવા પૂરતા નથી. આમ, ઉપરોક્ત રજુ તમામ રેકર્ડ જોતાં, આરોપીઓએ પરપ્રાંતીય વિદેશી બનાવટનો ઇંગ્લીશ દારુનો જથ્થો ગુજરાત રાજયમાં પહોંચાડવા માટેનો સામાન્ય હેતુ પાર પાડવા માટે ગુજરાત સરકારના નશાબંધી ધારાનો અમલ કરાવનાર રાજય સેવકો સાથે ઠગાઇ કરવાના ઇરાદેથી ટ્રકને ખોટી નંબર પ્લેટ લગાડી તથા બનાવટી અને ખોટુ ડ્રાઇવીંગ લાયસન્સ સાથે રાખી તથા અન્ય ખોટા દસ્તાવેજો સાથે રાખી જેનો ખરા તરીકે ઉપયોગ કરતા પકડાઇ જઇ ગુનો કરી, ઈ.પી.કો. કલમ–૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબનો ગુનો ફરિયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આથી, સદર કામે મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં.૨ અંગે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## **<u>|| આખરી હુકમ ||</u>**

**(૧)** આ કામના આરોપી **(૧) મોહનસીંગ ઉર્ફે સીદ્ઘીક બીશનલાલ શૈની (સરદાર),** ઉ.વ.૫૭, રહે.બી–૩૭, ડી.ડી.એ.ફલેટસ્, જહાંગીરપુરી, મેટ્રો સ્ટેશનની બાજુમાં,

દિલ્હી–૩૩ **(૨) અશોકકુમાર તરસેમલાલ મેસેજી,** ઉ.વ.૩૮, રહે.એ–૨૪૫, ડી.ડી.એ.ફલેટસ્, જહાંગીરપુરી, મેટ્રો સ્ટેશનની બાજુમાં, દિલ્હી–૩૩ નાઓને ફોજદારી કેસ નં.૯૬૬/૨૦૦૯ ના કામે સી.આર.પી.સી. કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે ઇ.પી.કો. કલમ– ૪૨૦, ૪૬૫, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૬, ૩૪ મુજબના આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદરહું ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ દારુનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા સદરહું કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ ટ્રક, મોબાઇલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા સદર મુદ્દામાલ અંગે તપાસ કરનાર અમલદારે તેના મુળ માલીકની ખરાઇ કર્યા બાદ તેમજ અપિલ સમય વિત્યા બાદ મુળ માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૬ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી મારી સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૬–૦૬–૨૦૨૬
સ્થળઃ–સાણંદ

**(રોનકબેન સૌરભભાઇ શાહ )**
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
તા.સાણંદ, જી.અમદાવાદ
કોડ નં. જી.જે.૦૦૯૪૧

R.D.Thakkar (P.S.)